સ્પે. એજ્યુકેટરની નિમણૂક કરવા માટેની બોલીઓ અને શરતો

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

ED/MISC/e-file/3/2024/2487/N - Primary Education-2

સચિવાલય, ગાંધીનગર

તા. /૦૬/૨૦૨૪

વંચાણે લીધા-

(૧) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીનો પત્ર તા. તા.૨૯/૦૫/૨૦૨૪ના પત્ર ક્રમાંક-પ્રાશિનિ/ક/નીતિ/૨૦૨૪

પ્રસ્તાવના-

ભારત સરકારના શિક્ષા મંત્રાલયના તા.૨૧/૦૯/૨૦૨૨ના જાહેરનામાથીRTE ACT-2009 ની અનુસુચિમાં ઉમેરો કરી દિવ્યાંગ બાળકોના અભ્યાસ અર્થે સ્પેશ્યલ એજ્યુકેટર અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. જેને ધ્યાને લેતા શિક્ષણ વિભાગ દ્વારા તા.૨૮/૦૭/૨૦૨૩ના ઠરાવથી ૩૦૦૦ સ્પેશ્યલ એજ્યુકેટરની જગ્યાને વહિવટી મંજૂરી આપવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના તા.૧૭/૦૨/૨૦૨૩ના જાહેરનામામાં સ્પે. એજ્યુકેટરને જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકના કર્મચારી ગણેલ છે. જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના તા.૨૯/૦૫/૨૦૨૪ના પત્રથી સ્પે. એજ્યુકેટરની નિમણૂક આપવા માટેની બોલીઓ અને શરતો નક્કિ કરવા માટે નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ કચેરીએ દરખાસ્ત કરેલ છે. જેને ધ્યાને લેતા સ્પે. એજ્યુકેટરની નિમણૂક આપવા માટેની બોલીઓ અને શરતો નક્કી કરવા માટેની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાના અંતે સ્પેશ્યલ એજ્યુકેટરને નીચે મુજબની નમુનારૂપ બોલીઓ અને શરતોને આધીન નિમણૂક આપવાની રહેશે.

**<u>સ્પેશ્યલ એજ્યુકેટરની નિમણૂક અંગેની બોલીઓ અને શરતો</u>**

1. રાજય સરકારની ફિક્સ પગારની નીતિ મુજબ આ નિમણૂક ફિક્સ પગારથી તદન હંગામી ધોરણે કરવામાં આવશે અને વિદ્યાસહાયક માટે ફિક્સ પગારમાં પાંચ વર્ષ માટે જે વેતન નિયત કરવામાં આવે અને તેમાં વખતોવખત સુધારા કરવામાં આવે તે વેતન ચુકવવાનુ રહેશે.
2. નિમણૂક હુકમ મળ્યેથી હુકમમાં દર્શાવેલ સમયગાળા દરમ્યાન હાજર થવાનું રહેશે અને નિયત સમય મર્યાદામાં હાજર નહિ થનાર ઉમેદવારનું નામ પસંદગી યાદીમાંથી આપોઆપ રદ થશે.
3. ઉમેદવારે હાજર થયેથી હાજર રીપોર્ટ મુખ્ય શિક્ષક મારફત પે. સે. શાળા, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી અને જિલ્લા કચેરીને મોકલવાનો રહેશે.
4. ફિક્સપગારની નોકરીના સમય દરમિયાન કામગીરી સંતોષકારક નહી હોય તો નોકરીમાંથી છુટા કરવાની કાર્યવાહી કરવામાં આવશે.
5. ફિકસ પગારના સમયગાળા દરમ્યાન સ્પે. એજ્યુકેટરને નિયમાનુસાર એક માસની નોટીસ આપી અથવા એક માસના પગારનું ચુકવણું કરીને નોટીસ આપ્યા સિવાય સેવાનો અંત લાવી શકશે.
6. સ્પે. એજ્યુકેટરને કલસ્ટરમાં નિમણૂક આપતી વખતે કોઇ એક શાળામાં નિમણૂક આપી પગાર, સેવાકીય બાબતો અને હેડકવાર્ટર નક્કી કરવું આવશ્યક હોઈ ઉમેદવાર દ્વારા પસંદ કરેલ કલ્સ્ટર પૈકી કલ્સ્ટરની જે શાળામાં દિવ્યાંગ બાળકોની સંખ્યા વધુ હોય તે શાળામાં નિમણૂક આપી પગાર આકારવાનો રહેશે તેમજ રજા સહિત સેવાકીય બાબત અને હેડ કવાર્ટર તે શાળા રહેશે.
7. સ્પે. એજ્યુકેટરની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાપૂર્ણ થયા બાદ નિયમિત પગારધોરણમાં (રૂા. ૨૫૫૦૦—૮૧૧૦૦ (લેવલ-૪) માં સમાવવામાં આવશે. તેમજ સેવાકીય અને વહીવટી બાબતો માટે તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી નિયંત્રણ અધિકારી તરીકે રહેશે.
8. અનઅધિકૃત ગેરહાજરી, અનિયમિતતા, ગેરશિસ્ત, અપ્રમાણિકતા, ફરજ પ્રત્યેની નિષ્ઠાનો અભાવ અણછાજતાં વર્તન જેવા સંજોગોમાં સ્પે. એજ્યુકેટરને ગુજરાત પંચાયત વર્તણૂક નિયમો-૧૯૯૮ અને ગુજરાત પંચાયત શિસ્ત અને અપીલના નિયમો-૧૯૯૭ કે સામાન્ય વહીવટ વિભાગના પ્રવર્તમાન ઠરાવ અનુસાર જરૂરી કાર્યવાહી કરી છુટા કરવામાં આવશે.
9. સ્પે. એજ્યુકેટરની ફરજના સમયગાળા દરમિયાન અવસાન થાય તો સરકારશ્રી દ્વારા જોગવાઇ કરેલ હોય તે સિવાય અન્ય

કોઈ નાણાંકીય લાભો, રહેમરાહે નોકરી, કે બીજા અન્ય આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહી.

10. ફિક્સપગારની નોકરીના સમય દરમિયાન વાર્ષિક બાર (૧૨) પરચુરણ રજાઓ મળવાપાત્ર થશે તે સિવાય અન્ય કોઈ રજાઓ મળી શકશે નહીં.
11. શાળાના શૈક્ષણિક અને વહીવટી કામે પ્રવાસ ઉપર જવાનું થાય તો નિયમ મુજબ મળવાપાત્ર મુસાફરી ભથ્થું મળશે.
12. સ્પે. એજ્યુકેટરની ફરજો મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો ૧૯૪૯ ના નિયમ-૭૦ (૧) અને શિક્ષણ વિભાગના તાઃ માં ૦૭/૦૨/૨૦૧૪ ઠરાવથી પ્રાથમિક શાળાના શિક્ષકોની ફરજો નિયત કરવામાં આવેલ છે તે મુજબની ફરજો બજાવવાની રહેશે.
13. ક્રમ - ૧૨ માં જણાવ્યા મુજબ સ્પે. એજયુકેટર તરીકે ફરજો બજાવવામાં બેદરકારી રાખશે અને તે માટે કસુરવાર જણાશે તો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી શિસ્ત અધિકારી અને નિમણૂક સત્તાધિકારી તરીકે નિયમ મુજબ કાર્યવાહી કરી કરશે.
14. સ્પે. એજયુકેટરને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તાઃ- ૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવની જોગવાઈ મુજબ રાજય સરકાર દ્વારા તાઃ- ૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પડશે.
15. દિવ્યાંગ બાળકોના શૈક્ષણિક હિતમાં વધુ વિધાર્થીઓને સ્પે. એજયુકેટરની સેવાનો લાભ મળી રહે તે હેતુને ધ્યાને રાખી તાલુકા કે જિલ્લામાં કે જિલ્લા બહાર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી, નિયામકશ્રી-પ્રાથમિક શિક્ષણ અને શિક્ષણ વિભાગને બદલી કરવાની સત્તા રહેશે.
16. સ્પે. એજયુકેટરને પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ સરકારશ્રીના ધારાધોરણ અને નિયમો મુજબ ફીક્સ પગાર આપવામાં આવશે, પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણૂક સતાધિકારીને સંતોષકારક જણાશે તો, સરકારશ્રી દ્વારા પ્રાથમિક શિક્ષકને મળે છે તે મુજબ વખતો વખત નિયત કરેલ મળવાપાત્ર પગાર ધોરણમાં નિમણૂક મેળવવાને પાત્ર ઠરશે.
17. સ્પે. એજયુકેટરને શિસ્તવિષયક બાબતો માટે ગુજરાત પંચાયત વર્તણૂક નિયમો-૧૯૯૮ અને ગુજરાત પંચાયત શિસ્ત અને અપીલના નિયમો-૧૯૯૭ ની જોગવાઇઓ અને શિક્ષણ વિભાગ દ્વારા વખતો વખત સ્પે. એજ્યુકટેર માટે બહાર પાડવામાં આવતા ઠરાવ અને પરિપત્રની જોગવાઇઓ લાગુ પડશે.
18. કાર્યમથક ઉપર રહેઠાણ રાખવાનું ફરજીયાત રહેશે અને પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહી.
19. ભરતી વખતે સ્પે. એજયુકેટરે રજુ કરેલા શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો સાચા છે. ભવિષ્યમાં ચકાસણી દ્વારા ખોટા માલુમ પડશે તો તેઓ સામે કાયદાકીય/ ફોજદારી કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે. જે તેઓને સંપૂર્ણપણે બંધનકર્તા રહેશે. તે મુજબનું સ્વ ઘોષણાપત્ર રજુ કરવાનું રહેશે.
20. રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય – ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.
21. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની 'CCC' ની પરીક્ષા ફિક્સ પગારનો કરારીય સમયગાળો પૂર્ણ થતાં પહેલાં પાસ કરવાની રહેશે.
22. શૈક્ષણિક લાયકાતો કે અન્ય વિગતો બાબત ઉમેદવારે જો ઈરાદાપુર્વક ખોટી માહિતી રજુ કરેલ છે, તેવું જણાશે તો નોકરીમાંથી ગમે ત્યારે છુટા થવાને પાત્ર થશે અને ફોજદારી કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે.
23. સ્પે. એજ્યુકટરને જે કલ્સ્ટરમાં નિમણૂક આપવામાં આવે, તે કલ્સ્ટરમાં અભ્યાસ કરતા તમામ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા બાળકોને શિક્ષણ પુરુ પાડવાનુ રહેશે.

આ હુકમ આ વિભાગની સમાન ક્રમાંકવાળી ઈ-ફાઈલ પર સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ) તા.૦૭/૦૬/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેતલ સચાણીયા)

સેકશન અધિકારી,

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Signature Not Verified
Signed by:Hetal A sachaniya
Section officer
Date: 2024.07.05 17:33:13 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

Letter No: ED/0528/06/2024   Dt: 02-07-2024

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક-૧૨/૧, ડૉ. જે.એમ.ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રીઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબસાઈટ ઉપર મૂકવા સારું.)
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૩

Signature Not Verified
Signed by:Hetal A sachaniya
Section officer
Date: 2024.07.05 17:33:13 +05:30

File No: ED/MISC/e-file/3/2024/2487/N - Primary Education-2
Approved By: Joint Secretary (In charge),N - Primary Education-2,ED

Open the document in Adobe Acrobat DC to verify the E-sign